## GREENLAWNS HIGH SCHOOL

**Sub: Gujarati 2nd Lang** **Std: 8A/B/C** **Marks: 80**

**Time:** **Date:**

### Section A

**પ્રશ્ન ૧. નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો.** **(10)**


૧. જીવન માં શિક્ષણ નું મહત્વ

૨. સ્વચ્છતા નું મહત્વ જણાવી હવા પાણી અને વાતાવરણ સ્વચ્છ રાખવા તમે શું કરશો?

૩. “જેવું કરો તેવું ભરો” આ કહેવત ને આધારે વાર્તા કે કોઈ પ્રસંગ લખો.

૪. સૌથી મોટો ધર્મ - માનવતા

૫. નીચે આપેલું ચિત્ર જોઈ તમારા મન માં ઉઠતા ભાવોને આધારે વાર્તા કે પ્રસંગ લખો.




**પ્રશ્ન ૨. નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય પર પત્ર લખો.** **(8)**

૧. તમારી બહેન અવર નવર બહાર ખાવાની શોખીન છે, તે આરોગ્ય માટે હાનીકારક છે તેવું સમજાવતો પત્ર લખો.

૨. તમારી શાળા માં થી એક દિવસ માટે શૈક્ષણિક પ્રવાસ નું આયોજન થયું હતું. તેનું વર્ણન અને મહત્વ સમજાવતો પત્ર તમારા મામા ને લખો.

**પ્રશ્ન ૩. નીચે નો ગધ્યખંડ વાંચી તેની નીચે આપેલ પ્રશ્નો ના ઉત્તર ગુજરાતી માં તમારા શબ્દો માં લખો. (10)**

એક સાધુ હતા. તેઓ ગામેગામ ફરી લોકોને ભગવાનના વિચાર કહેતા. તેમની સાથે તેમના ચેલાઓ પણ જતા. એક દિવસ તેઓ મથુરા પહોંચ્યા. ત્યાંના લોકો તેમને ગામમાં ઘુસવા દેતા નથી. તેમની વિદ્વાત્તાની પરીક્ષા કરવા કહે છે.ગામના પ્રખ્યાત પંડિત અને સાધુની ધર્મ ઉપર ખૂબ મોટી ચર્ચા થઈ. સાધુએ પંડિતના દરેક પ્રશ્નોના જવાબ વેદ, ઉપનિષદ, શાસ્ત્રો, પુરાણોના ઉદાહરણ આપીને આપ્યા. માથુરના લોકોએ તેમને ગામમાં આવવા દીધા. પણ જે પંડિત હારી ગયો હતો તેણે પોતાની હારનો બદલો વાળવાનું નક્કી કર્યું. તેણે સાધુના ચેલાને સોનાના દાગીનાની લાલચ આપી. અને તે ચેલો લોભમાં ફસાઈ ગયો. પંડિતે સાધુને પોતના ઘરે જમવા બોલાવ્યો. અને ભોજન પછી તેણે કહ્યું કે તેણે પોતાના ઘરમાં એક કીમતી હીરો રાખ્યો હતો. તે ખોવાઈ ગયો છે. સાધુએ પોતે હીરો લીધો નથી તેમ કહ્યું છતાં શેઠે તેનો ઝોલો તપાસ્યો. તેના ઝોલામાંથી હીરો નીકળ્યો અને પંડિતે તેને ચોર કરાર કર્યો.

આખા ગામમાં વાત પ્રસરી ગઈ. બધા પંડિતના ઘરે ભેગા થયા. ચોર સાધુને બધાએ સજા કરવાની વાત કરી. તેને પથ્થરથી મારવાનું નક્કી થયું. લોકોએ પથ્થર લીધા અને સાધુને મારવા લાગ્યા. સાધુના શરીરમાંથી લોહી વહી રહ્યું હતું. આ જોઈ તેના ચેલાને પોતાની ભૂલ સમજાઈ અને તેણે બધાને રોક્યા. સાધુની માફી માંગી અને ગામના લોકોને કહ્યું કે આ બધું પંડિતએ કારાવ્યું છે. મેં પૈસાની લાલચમાં પંડિતનો હીરો સાધુના ઝોળામાં મૂક્યો હતો. મને માફ કરો. મારી ભૂલ થઈ. સાધુ ખૂબ જ જ્ઞાની, વિદ્વાન અને બુદ્ધિમાન છે. ગામ વાળા સાધુની ક્ષમા માંગે છે.

**પ્રશ્નો:**

૧. સાધુ કેવા હતા? તેઓ શું કરતા? એક દિવસ તેઓ ક્યાં ગયા? (2)

૨. સાધુની કઈ પરીક્ષા થઈ? કેવી રીતે? (2)

૩. પંડિતે પોતાની હારનો બદલો વાળવા શું કર્યું? (2)

૪. ગામના લોકોએ સાધુને કઈ સજા કરી? ચેલાએ શું કહ્યું? (2)

૫. તમે પંડિતની જગ્યાએ હોત તો તમે શું કરત? ફકરાને યોગ્ય શીર્ષક આપો. (2)

**પ્રશ્ન ૪. નીચે આપેલા પ્રશ્નો ના ઉત્તર સૂચના પ્રમાણે લખો.**

**૧. શબ્દસમૂહ બદલે એક શબ્દ લખો. (2)**

ક. દરિયા માં થી મોતી લાવનાર

ખ. હોળી ચલાવનાર

**૨. નીચે આપેલા શબ્દ ના બે અર્થ લખો. (2)**

ક. જાન

ખ. ચીર

**૩. નીચે આપેલા વિરોધી લખો.** **(2)**

ક. જાહેર

ખ. મિલન

**૪. નીચે આપેલા રૂઢિપ્રયોગ ના અર્થ લખો.** **(2)**

ક. પાણી માં બેસી જવું

ખ. ગામ ગામ ના પાણી પીવાં

**૫. નીચે આપેલ વાક્ય માં સંજ્ઞા ઓળખી પ્રકાર લખો.** **(2)**

ક. બકરીઓ નું ઝુંડ જઈ રહ્યું છે.

**૬. નીચે આપેલું વાક્ય બીજા બે કાળ માં લખો.** **(1)**

ક. હું ભણવા માં હોશિયાર છું.

**૭. નીચે આપેલા શબ્દ નો લિંગ બદલો.** **(1)**

ક. સાધુ

## Section B

**પ્રશ્ન ૧. નીચે આપેલા શબ્દો ના અર્થ લખો.** **(3)**

૧. ગહન ૨. ખ્રિસ્તી ૩. ઉજ્જળ

**પ્રશ્ન ૨. નીચે આપેલા શબ્દો પર થી વાક્ય બનાવો.** **(3)**

૧. ઉલાળતા ૨. સાંકડી ૩. આત્મવિશ્વાસ

**પ્રશ્ન ૩. નીચે આપેલા શબ્દોની ભૂલ સુધારી ફરી લખો.** **(3)**

૧. ધરમચૂસ્ત ૨. સૂવીધાવાળું ૩. કબીલો

**પ્રશ્ન ૪. નીચે આપેલા વાક્ય માં લીટી દોરેલા શબ્દ નો વિરોધી લખી વાક્ય ફરી લખો.** **(3)**

૧. તેઓ સાવ નિઃસ્વાર્થ હતા.

૨. અણગમતા કાર્ય કરવા નહિ.

૩. રજૂ દેશ માં ભણે છે.

**પ્રશ્ન ૫. નીચે આપેલા પ્રશ્નો ના જવાબ એક - બે શબ્દો માં લખો.** **(5)**

૧. અભ્યારણ માં આવેલા કૂકડા નું નામ શું રાખવા માં આવ્યું હતું?

૨. “ચાલ મન” કવિતા માં મનુષ્ય ની કેવી વૃતિ ની વાત કરી છે?

૩. ગામ ના ડાક્ટર ની દીકરી નું નામ શું હતું?

૪. પાઠ "રાયચંદ" સેમાં થી લેવા માં આવ્યું છે?

૫. "નથી રે જુદાઈ" કાવ્ય માં શો સંદેશો વ્યક્ત થાય છે?

**પ્રશ્ન ૬. નીચે આપેલા પ્રશ્નો ના જવાબ એક - બે વાક્યો માં લખો.** **(5)**

૧. શાલીન એ ફક્ત શાકાહારી પ્રાણીઓ માટે અભ્યારણ શા માટે ચાલુ કર્યું?

૨. બાળકો માતા ને ચૂપચાપ બેસેલી જોઈ શું કરતાં?

૩. અબ્દુલ શેઠ ગાંધીજી ને શેના માટે લલચાવી રહ્યા હતા?

૪. "નથી રે જુદાઈ" કાવ્ય માં કોને એક પરિવાર કહ્યો છે? શા માટે?

૫. બાપુજી લેખિકા ને કયા ગામ માં છાપા લેવા મોકલતા? શા માટે?

**પ્રશ્ન ૭. નીચે આપેલું વાક્ય વાંચી પ્રશ્નો ના જવાબ લખો.**

**" આપણે ક્યાં તાલાવંત છોકરાં છીએ તે બાપ દાદાની મિલકતું વાટ જોતી હોય. તમારે અમારી જેમ તૂટી ના મરવું હોય તો ભણો."**

૧. આ વાક્ય કોણ બોલે છે કોને કહે છે? ક્યારે? (2)

૨. આ વાક્ય કયા પાઠ માં થી લેવા માં આવ્યો છે? આ પાઠ કોણે લખ્યો છે? (2)

૩. આ વાક્ય ની અસર બાળકો પર શી રીતે થઈ? (3)

૪. શાળા માં શિક્ષક એ શું શીખવ્યું હતું? (3)

**પ્રશ્ન ૮. રાયચંદ ભાઈ નું પાત્ર લેખન લખો.** **(3)**

**પ્રશ્ન ૯. નીચે આપેલી કાવ્ય પંક્તિ પૂર્ણ કરો.** **(5)**

વૃક્ષ કદાચ એમ પણ કહે.........

નાખે તો નવાઈ નહીં.